# શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ



સંચાલિત

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ-લાખણી

## વાર્ષિક અહેવાલ :- ૨૦૨૩/૨૪







Shree Krishna Education Campus Lakhani









# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

## વાર્ષિક અહેવાલ – વર્ષ ૨૦૨૩/૨૪

**-: સંપાદક :-**

શ્રી પ્રકાશકુમાર જી. સુથાર
ગોલ્ડ મેડાલિસ્ટ, પ્રોફેસર,
ભારત દેશના ૭૫ યુવા લેખકોમાં સમાવિષ્ટ યુવા લેખક

**-: પ્રકાશક :-**

શ્રી બળવંતભાઈ વી. ચૌધરી
પ્રમુખશ્રી

શ્રી વિનોદભાઈ કે. પટેલ
મંત્રીશ્રી

શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી

**-: ડિઝાઈન એડિટિંગ :-**

શ્રી સુરેશભાઈ આર. ચૌધરી
કલાર્ક શ્રી
શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી


## શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

લાખણી – જસરા રોડ, નવા બસ સ્ટેશનની નજીક
મુ. પો. તા. – લાખણી, જિ. બનાસકાંઠા – ૩૮૫૫૮૧

84019 52533
@krishnaartscollege
Krishna_education_campus
Krishna Education Campus
www.krishnacollegelakhani.org

Mo. 94277 96321, 84019 52533, 99989 98242, 99792 13073

# -: અનુક્રમણિકા :-


| ક્રમ | વિગતનું નામ |
|---|---|
| 1 | સંપાદકીય - શૂન્યમાંથી સર્જન |
| 2 | પ્રાક્કથન |
| 3 | ટીમ ક્રિષ્ના |
| 4 | રાષ્ટ્રીય સેવા યોજના અહેવાલ |
| 5 | શિષ્યવૃત્તિ અહેવાલ |
| 6 | પરિણામ |
| 7 | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ - વર્ષ :- 2023/24 |




# -: સંપાદકીય :-

## -: શૂન્યમાંથી સર્જન :-

### ।। ज्ञात्वात्मस्थममृतं विश्वधाम ।।

પ્રાચીન સમયમાં ઉત્તર ગુજરાત આનર્ત પ્રદેશના નામે ઓળખાતું હતું. તેમાં વર્તમાનમાં બનાસકાંઠાના નામે ઓળખાતા જિલ્લાના પ્રદેશનો સમાવેશ થતો હતો. આ બનાસકાંઠા જિલ્લામાં લાખણી તાલુકો આવેલો છે. આ લાખણી પંથકનો ઈતિહાસના કાળપટ્ટમાં હિંદવાણી પ્રદેશમાં સમાવેશ કરવામાં આવે છે.

લાખણી પંથકના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને દુનિયા સાથે કદમ મિલાવી શકે તે માટે અત્યાધુનિક શૈક્ષણિક સંકુલની અનિવાર્યતા જણાતાં તે હેતુને સિદ્ધ કરવા માટે નગરદેવી હિંગળાજ માતાજીના આશીર્વાદથી શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની રચના જાન્યુઆરી ૨૦૨૦માં કરવામાં આવી હતી. આ ટ્રસ્ટ દ્વારા લાખણી ખાતે શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસનો પાયો નાખવામાં આવ્યો. આ કેમ્પસમાં કૉલેજ શરૂ કરવા માટે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મંજૂરી માંગવામાં આવી. પરંતુ જૂના અને બિનવ્યવહારુ નિયમોના કારણે મંજૂરી મેળવવામાં ખૂબ અગવડતાઓ પડેલી. આ અડચણો વચ્ચે સુગમ રસ્તો બનાવવામાં બનાસકાંઠા જિલ્લાના પ્રજાવત્સલ અને લોકપ્રિય સાંસદ શ્રી પરબતભાઈ પટેલ સાહેબ, લાખણી વિસ્તારના શિક્ષણપ્રેમી અને બાહોશ આગેવાન અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને બ.કાં. જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન શ્રી બાબરાભાઈ એન. ચૌધરી સાહેબ અને સદ્દભાવના ગ્રૂપના ચેરમેન અને તત્કાલિન હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના EC મેમ્બર શ્રી હરેશભાઈ ચૌધરી સાહેબનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. આ મહાનુભાવોએ અથાગ પરિશ્રમ કરતાં લાંબા સંઘર્ષ બાદ યુનિવર્સિટી દ્વારા શરતી મંજૂરી આપવામાં આવતાં શ્રી ક્રિષ્ના આર્ટસ કૉલેજના નામાભિધાન સાથે શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૧માં પૂર્ણકાલિન કૉલેજ પ્રસ્થાપિત કરવામાં આવી.

આ ક્ષણે કોલેજની સ્થાપના થાય તે માટે અથાગ પરિશ્રમ કરનારા મહાનુભાવો શ્રી પરબતભાઈ પટેલ સાહેબ, શ્રી બાબરાભાઈ એન. ચૌધરી સાહેબ, શ્રી હરેશભાઈ ચૌધરી સાહેબ, તત્કાલિન રાજ્યના શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા મેડમ અને માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી અશ્વિનીકુમાર સાહેબને યાદ કરીને તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ. આ મહાનુભાવોના સંનિષ્ઠ પ્રયાસો થકી ઉત્તર ગુજરાતના તમામ શિક્ષણપ્રેમીઓ માટે કોલેજની મંજૂરીનો રાહ સરળ બન્યો. આપણે જોઈ રહ્યા છીએ કે, છેલ્લા કેટલાક વર્ષોમાં નાના નાના ગામડાંઓમાં પણ કોલેજોને મંજૂરી મળી રહી છે. તેનો સંપૂર્ણ યશ ઉપરોક્ત મહાનુભાવોને ફાળે જાય છે.

ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીની કઠિન શરતોને ખૂબ ટૂંકા સમયગાળામાં પરિપૂર્ણ કરીને મજબૂત ઈચ્છાશક્તિ અને સામૂહિક પ્રયાસોના પરિણામે સુંદર સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું. ઉચ્ચ ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે માટે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી. જેના પરિણામે લાખણી તાલુકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓએ ક્રિષ્ના આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો.

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણીમાં વિનયન વિદ્યાશાખામાં મુખ્ય વિષય તરીકે ગુજરાતી, અંગેજી, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત જેવા વિષયોમાં અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડી રહ્યા છે.

યુનિવર્સિટી દ્વારા બનાસકાંઠા જીલ્લામાં સૌપ્રથમવાર જૂન ૨૦૨૧માં શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં ડિપ્લોમા ઈન હેલ્થ એન્ડ સેનેટરી ઈન્સપેક્ટર કોલેજ અને ડિપ્લોમા ઈન ફાયર એન્ડ સેફ્ટી કૉલેજને મંજૂરી આપવામાં આવી હતી. એસ. આઈ. કોલેજમાં વિદ્યાર્થીઓનો વ્યાપક પ્રતિસાદ મળતાં બીજું ડિવિઝન શરૂ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા નાના બાળકોને પાયાના કૌશલ્ય સાથે જીવન ઘડતરના મૂલ્યોના સિંચનની સાથે સાથે ઘર આંગણે ગુણવત્તાલક્ષી શિક્ષણ, શિસ્ત અને સંસ્કારયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુથી પ્રાથમિક અને માધ્યમિક શાળા શરૂ કરવા માટે પરવાનગી માંગવામાં

આવતાં શિક્ષણ વિભાગ દ્વારા શાળા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવતાં જૂન – ૨૦૨૨ થી કેમ્પસમાં ધોરણ ૧ થી ૧૨ શરૂ કરવામાં આવેલ.

કેમ્પસમાં હેલ્પલાઇન સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ સિવાય, વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં કેમ્પસ એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. આ સિસ્ટમ દરેક વાલીને બાળક શાળા-કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય અને તારીખ સાથેનો મેસેજ મોકલે છે.

કેમ્પસમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું આયોજન સમયાંતરે કરવામાં આવી રહ્યું છે. જેમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી રહ્યા છે. કૉલેજની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓને વાલીઓ અને શિક્ષણપ્રેમીઓ બિરદાવીને વિદ્યાર્થીઓને અને સંસ્થાને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે.

**-:: ભવદીય ::-**

**શ્રી ક્રિષ્ના એજ્યુકેશન પરિવાર વતી**

**પ્રોફે. પ્રકાશકુમાર સુથાર**

**કેન્દ્ર સરકાર પુરસ્કૃત યુવા લેખક**

# -: પ્રાક્કથન :-

શિક્ષણ એ વ્યક્તિત્વ ઘડતર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે પાયાનું અનિવાર્ય અંગ બની ગયું છે. ઉચ્ચશિક્ષણ સમાજને કુશળ, નિષ્ઠાવાન, મહેનતુ અને મૂલ્યવાન યુવાધન આપે છે. મૂલ્યવાન યુવાધન તૈયાર કરવાના ઉદ્દેશ્ય સાથે લાખણી ખાતે માં હિંગળાજના સાનિધ્યમાં શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ નામે વર્ષ ૨૦૨૧ માં એક નાનકડા શૈક્ષણિક બીજને વાવવામાં આવ્યું હતું. આ સંસ્થાના ત્રીજા વર્ષના શૈક્ષણિક વર્ષ ૨૦૨૩/૨૪ ના "વાર્ષિક અહેવાલ"ને આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરવાનું સદ્દભાગ્ય અમને મળ્યું તે બદલ અમો ગૌરવાન્વિત છીએ.

શિક્ષકની નિષ્ઠા એજ શાળા-કોલેજની પ્રતિષ્ઠા છે. તેને પોતાનો જીવનમંત્ર બનાવીને અથાક પરિશ્રમના ફળસ્વરૂપે સંસ્થાએ ૧૩૬૭ વિદ્યાર્થીઓ અને વાલીઓના ભરોસાને પ્રતિપાદિત કર્યો છે. શાળા-કોલેજની શિક્ષણ યાત્રામાં સૌથી મહત્વની બાબત એ છે કે, સૌ સંસ્થાને ઘર માનીને એક પરિવારના તાંતણે બંધાઈને સૌ કાર્ય કરી રહ્યા છે. પરિવારના સર્વે સદસ્યોનો હૃદયના ઉમળકાથી આભાર માનીએ છીએ.

કેમ્પસ સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક અને સહાભ્યાસિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત-ગમત અને સંશોધન ક્ષેત્રે કૉલેજનું નામ સતત ધબકતું રહ્યું છે. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે-સાથે આર્થિક રીતે મદદ કરી શકાય તે માટે સરકારશ્રીની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓનો લાભ અપાવવામાં સંસ્થા જિલ્લામાં અગ્રેસર રહી છે.

કેળવણીનું કલ્પવૃક્ષ બનવા જઈ રહેલ સંસ્થાએ એક વર્ષમાં કરેલાં કાર્યોના લેખાં-જોખાંની યશગાથા વર્ણવતો અહેવાલ તૈયાર કરવાનો વિચાર કૉલેજ પરિવારને આવ્યો. આ વિચારને હકીકતમાં ફેરવવાની જવાબદારી શ્રી પ્રકાશકુમાર સુથાર અને શ્રી સુરેશભાઈ ચૌધરીને સોંપવામાં આવી હતી. તેમણે જવાબદારીને સહર્ષ સ્વીકારીને સૌ સ્નેહીજનોના સાથ-સહકારથી તૈયાર કરેલ વાર્ષિક અહેવાલને આપ સૌ સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

# -: ટીમ ક્રિષ્ના :-

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | લાયકાત |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રવીણભાઈ વજીર | આચાર્યશ્રી - કોલેજ વિભાગ | M.A.,B.ed.,Ph.D. |
| ૨ | કુ. વર્ષાબેન ચૌધરી | આચાર્યા – સ્કૂલ વિભાગ | M.A.,M.ed. |
| ૩ | શ્રી પ્રકાશકુમાર સુથાર | પ્રાધ્યાપકશ્રી | M.A.,M.Phil.,Ph.D. |
| ૪ | શ્રીમતી ભારતીબેન ચૌધરી | પ્રાધ્યાપિકા | M.A.,B.ed. |
| ૫ | શ્રી લખનભાઈ દેસાઇ | પ્રાધ્યાપકશ્રી | M.A.,B.ed. |
| ૬ | શ્રી લેખરાજભાઈ પ્રજાપતિ | પ્રાધ્યાપકશ્રી | M.A.,B.ed. |
| ૭ | શ્રીમતી રેખાબેન ચૌધરી | પ્રાધ્યાપિકા | M.A.,B.ed. |
| ૮ | શ્રી મહેબુબભાઈ જુણેજા | શિક્ષકશ્રી | M.A.,B.ed. |
| ૯ | શ્રી કમલેશભાઈ પરમાર | શિક્ષકશ્રી | M.sc.,B.ed. |
| ૧૦ | શ્રી રોહિતભાઈ પ્રજાપતિ | શિક્ષકશ્રી | M.sc.,B.ed., |
| ૧૧ | શ્રી મહેશભાઈ દરજી | શિક્ષકશ્રી | M.sc.,B.ed. |
| ૧૨ | શ્રી દિનેશભાઈ ચૌધરી | શિક્ષકશ્રી | B.A.,B.ed. |
| ૧૩ | શ્રીમતી ભાવનાબેન પ્રજાપતિ | શિક્ષિકા | B.A., P.T.C. |
| ૧૪ | કુ. અસ્મિતાબેન દેસાઇ | શિક્ષિકા | M.A.,B.ed. |
| ૧૫ | કુ. જૈમિનાબેન ચૌધરી | શિક્ષિકા | M.A.,B.ed. |
| ૧૬ | શ્રીમતી બ્રિજલબેન પ્રજાપતિ | શિક્ષિકા | MCA.,B.ed. |
| ૧૭ | શ્રી નાથાભાઈ દેસાઇ | શિક્ષકશ્રી | M.A.,B.ed. |
| ૧૮ | શ્રી કલ્પેશભાઈ માળી | શિક્ષકશ્રી | B.A.,M.A. |

# શ્રી ક્રિષ્ના આર્ટસ કૉલેજ-લાખણી

## રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અહેવાલ

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ સહઅભ્યાસિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ, વૃક્ષારોપણ, મતદાન જાગૃત્તિ અભિયાન, એઈડ્સ જન-જાગૃત્તિ અભિયાન, સ્વચ્છતા અભિયાન અને સાત દિવસીય વાર્ષિક (ખાસ) શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિવિધ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ અમુલ્ય સહયોગ આપીને શ્રમદાન કર્યું હતું.

## -: સાત દિવસીય વાર્ષિક શિબિર અહેવાલ :-

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) એકમની વાર્ષિક (ખાસ) શિબિરનું આયોજન મુ. ફોફવાસ, તા. લાખણી મુકામે તા. ૨૭ જાન્યુઆરીથી તા. ૨ ફેબ્રુઆરી દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું ઉદ્દઘાટન શ્રી ટી. પી. રાજપૂતના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્દઘાટન સમારંભમાં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા સ્વયંસેવક શ્રી હરચંદભાઈ ચૌહાણે સમાજના નિર્માણમાં એન.એસ.એસ.નું યોગદાન વિષય ઉપર બીજરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ બીજા સેશનમાં લોકસંપર્ક કાર્યક્રમ અંતર્ગત વિવિધ બેનરો સાથેની રેલી કાઢવામાં આવી હતી. પ્રથમ દિવસના રાત્રીના સેશનમાં આદર્શ વિદ્યાલય આસોદરના આચાર્ય શ્રી તેજાભાઇ પટેલે આધ્યાત્મિકતાનું મહત્ત્વ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. બીજા દિવસના પહેલા સેશનમાં હિંગળાજ માતાજી મંદિર પરિસરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમકાર્ય કરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમમાં શ્રી નરેશભાઈ બાજરીયાએ પ્રેક્ટિકલ જ્ઞાન આપીને વિદ્યાર્થીઓને અંધશ્રધ્ધાથી દૂર રહેવાની હાકલ કરી હતી. ત્રીજા સેશનમાં શિક્ષક શ્રી દાનસિંહ કે. રાજપૂતે એન.એસ. એસ. અને સામાજિક સંસ્થાઓમાં યુવાઓ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. ત્રીજા દિવસના પ્રથમ સેશનમાં આરોગ્ય ચેક-અપ કેમ્પમાં આગથળા આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. હેમલતાબેન પટેલ સહિતના સ્ટાફે સ્વયં સેવકો અને ગ્રામજનોના આરોગ્યની તપાસ કરી હતી. બીજા

સેશનમાં થરાદના જાણીતા સેવાભાવી તબીબ ડૉ. કરશનભાઈ પટેલે અંગદાન ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. ત્રીજા સેશનમાં કોલેજ ઓફ એગ્રિકલ્ચર, થરાદના કૃષિ વૈજ્ઞાનિક ડૉ. મુકેશભાઈ ચૌધરીએ પ્રાકૃતિક ખેતી - સમયની તાતી જરૂરિયાત અંગે વ્યાખ્યાન આપ્યું હતું. ચોથા દિવસના પ્રથમ સેશનમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમકાર્ય કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ ટોલાં ભરીને પ્લાસ્ટિકના કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. બીજા સેશનમાં નેશનલ યોગા ટ્રેનર ડૉ. રીતેષભાઈ પ્રજાપતિએ વ્યસનમુક્તિ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. પાંચમા દિવસના પ્રથમ સેશનમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં વિદ્યાર્થીઓએ શ્રી કૃષ્ણ ભગવાનના મંદિરના દર્શન કર્યાં હતાં. ત્રીજા સેશનમાં શ્રી એમ.ડી.ગોહેલ - મામલતદાર સાહેબશ્રી લાખણીએ કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું હતું. છઠ્ઠા દિવસના પ્રથમ સેશનમાં ડૉ. પ્રવીણભાઈ પરમાર અને તેમની ટીમે એઈડ્સ જનજાગૃતિ અંગે વ્યાખ્યાન આપ્યું હતું અને તમામ વિદ્યાર્થીઓનું એઇડ્સ અને એચ.આઇ.વી. ચેક અપ કરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ રમતો રમી હતી. ત્રીજા સેશનમાં સરકારી વિજ્ઞાન કોલેજ, થરાદના આચાર્ય અને હેમ.ઉ.ગુ.યુનિ. પાટણના સાયન્સ ફેકલ્ટીના ડીન શ્રી ડૉ. જગદીશભાઈ પ્રજાપતિએ આજના સમયમાં સ્વામી વિવેકાનંદના વિચારોની આવશ્યકતા અંગે વ્યાખ્યાન આપ્યું હતુ. સાતમા દિવસે મામલતદારશ્રી એમ. ડી. ગોહેલના અધ્યક્ષસ્થાને સમાપન સમારોહ યોજાયો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ રમતો અને ગરબે રમ્યા હતા. આ સાત દિવસીય શિબિરમાં વિદ્યાર્થીઓએ સ્વચ્છતા, આરોગ્ય, જનજાગૃતિ અને યુવા વિકાસ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટી શ્રી તેજાભાઇ પટેલ, શ્રી વિનોદભાઈ પટેલ, કોલેજના આચાર્ય શ્રી પ્રવિણભાઈ વજીર, પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રકાશભાઈ સુથાર, પ્રોફે. લેખરાજભાઈ પ્રજાપતિ, પ્રોફે. ભારતીબેન ચૌધરી, પ્રોફે. રેખાબેન ચૌધરી, પ્રોફે. લખનભાઈ દેસાઈ સહિત સ્ટાફગણ અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.


શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)
"Not me but you"






NOT ME BUT YOU
શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી
સંચાલિત
શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)
:: વાર્ષિક (ખાસ) શિબિર ::
તા.૨૭-૦૧-૨૦૨૪ થી તા.૦૨-૦૨-૨૦૨૪
સ્વચ્છતા, આરોગ્ય, જનજાગૃતિ અને યુવા વિકાસ શિબિર
"Not me but you"
Jan 27, 2024, 15:50


શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના (NSS)



Jan 29, 2024, 15:05


મોમાઈ સાઉન્ડ



મોમાઈ સાઉન્ડ


શ્રી કિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી
રાષ્ટ્રીય સેવા યોજના


Jan 31, 2024, 21:36




Galaxy A54 5G






Galaxy A54 5G

# લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં લગાવવામાં આવી ફિંગરપ્રિન્ટ સિસ્ટમ



**વિદ્યાર્થીઓ કેમ્પસમાં પ્રવેશતાં અને છૂટતાં ફિંગરપ્રિન્ટ દ્વારા વાલીઓને મેસેજ મોકલાય છે! ઉત્તર ગુજરાતમાં એકમાત્ર લાખણીની ક્રિષ્ના કોલેજમાં ફિંગરપ્રિન્ટ સિસ્ટમ**

**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**

આજના સાંપ્રત સમયમાં શિક્ષણની સાથે સાથે શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને કાયમ એક ચિંતા રહેતી હોય છે, કે બાળક શાળાએ પહોંચી ગયુ હશે કે કેમ? શાળાએથી ક્યારે છુટશે? આવા પ્રશ્નોના સમાધાન માટે બનાસકાંઠા જિલ્લાના લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં એક સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં કેમ્પસ એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી ગેરહાજર હોય તો પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી ગેરહાજરનો મેસેજ મોકલવામાં આવે છે. લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં આ સિસ્ટમ જૂન ૨૦૨૧થી કાર્યરત છે. કેમ્પસ દ્વારા વિકસાવવામાં આવેલી સિસ્ટમે વાલીઓને ચિંતા મૂક્ત કર્યા છે. હાલમાં દરેક વાલીને બાળક શાળા કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.

આ રીતે કામ કરે છે સિસ્ટમ

૧. કેમ્પસમાં વિદ્યાર્થીઓની હાજરી માટે સોફ્ટવેરની સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

૨. સિસ્ટમમાં એન્ટ્રી કરવા માટે વિદ્યાર્થીઓના ફેશ અને ફિંગર પ્રિન્ટ રેકર્ડ કરવામાં આવેલા છે.

૩. વિદ્યાર્થી કેમ્પસમાં પ્રવેશે ત્યારે સિસ્ટમમાં ફેશ ડિટેક્ટ કરે છે અને ફિંગર આપે છે.

૪. દરેક વિદ્યાર્થીને સિસ્ટમમાં હાજરી પૂર્યા પછી જ ક્લાસરૂમમાં પ્રવેશ આપવામાં આવે છે.

૫. વિદ્યાર્થી શાળા-કોલેજ પૂરી કરીને નીકળે ત્યારે એજ પ્રક્રિયામાંથી પસાર થાય છે.

૬. આ સિસ્ટમ વિદ્યાર્થીઓનો આવવા - જવાનો રેકર્ડ સંગ્રહિત કરે છે.

૭. સિસ્ટમમાં દરેક વિદ્યાર્થીનાં નામ, રોલ નંબર અને વાલીઓના મોબાઈલ નંબર સ્ટોર કરેલા છે.

૮. વિદ્યાર્થી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ બે સેકન્ડમાં જ વાલીને સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.

૯. વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં ગેરહાજર રહેતો વાલીઓને મેસેજ મોકલાય છે.

વાલીઓની ચિંતા હળવી કરવા માટે સંસ્થા દ્વારા આધુનિક ટેક્નોલોજીથી સજ્જ સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. વિદ્યાર્થી શાળા કોલેજમાં આવતાં અને જતાં ફેશ ડિટેક્ટ અને ફિંગર આપે છે. જેના કારણે વાલીઓ નિર્ભય રીતે બાળકને ભણવા મુકી રહ્યાં છે.

- પ્રવિણભાઈ વજીર

આચાર્યશ્રી, શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ આ સિસ્ટમનો લાભ કેમ્પસમાં ચાલતી શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, શ્રી ક્રિષ્ના એસ. આઈ. કોલેજ, હાઈસ્કૂલ અને પ્રાથમિકના વિદ્યાર્થીઓને મળે છે.















Shree Krishna Education Campus Lakhani











# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણી

## શિષ્યવૃત્તિ અહેવાલ

પ્રા. પ્રવિણભાઈ બી. વજીર

નોડલ ઓફિસર અને સંયોજક - શિષ્યવૃત્તિ સમિતિ

### નેશનલ સ્કોલરશિપ યોજના – 2023/24

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાયરૂપ થવા માટે કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ 12 માં ઉચ્ચ મેરીટ સાથે ઉતીર્ણ (ધોરણ-12 માં 80+ PR ધરાવતા) થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી દર વર્ષે રૂ. 12,000/- શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા 11 અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા 53 અને 2023/24 માં 80+ PR ધરાવતા પ્રવેશ મેળવેલ 77 વિદ્યાર્થીઓને નેશનલ સ્કોલરશિપ યોજનાનો લાભ મળ્યો છે.

### મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન સ્કોલરશિપ યોજના - ૨૦૨૩/૨૪

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ 12 માં ઉચ્ચ મેરીટ સાથે (ધોરણ - 12 માં 80+ PR ધરાવતા) ઉતીર્ણ થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી દર વર્ષે ફીના 50% શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા 01 અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા 05 અને 2023/24 માં 80+ PR ધરાવતા પ્રવેશ મેળવેલ 119 વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન સ્કોલરશિપ યોજનાનો લાભ મળ્યો છે.

### માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશિપ યોજના - ૨૦૨૩/૨૪

શિક્ષણની સાથે સાથે દિવ્યાંગ વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારની માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી દર વર્ષે ફીના 50% શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરતા 04 વિદ્યાર્થીઓને માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશિપ યોજનાનો લાભ મળ્યો છે.

### ડિજિટલ ગુજરાતની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓ

શ્રી સુરેશભાઈ આર. ચૌધરી

નોડલ ઓફિસર અને સંયોજક - શિષ્યવૃત્તિ સમિતિ

વિદ્યાર્થીઓને ભણવામાં આર્થિક સહાયરૂપ માટે રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેનાં ઓનલાઈન ફોર્મ ડિજિટલ ગુજરાતની વેબસાઈટ પર ભરવામાં આવે છે. રાજ્ય સરકારની આ યોજનાનો લાભ આર્ટ્સ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા 938 વિદ્યાર્થીઓને મળ્યો છે.

| CAST | OBC / EWS | SC | ST | TOTAL |
|---|---|---|---|---|
| TOTAL STUDENTS | 813 | 108 | 17 | 938 |

# -: પરિણામ :-

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| **શ્રી ક્રિષ્ના વિદ્યાલય – લાખણી** | | |
| **ધોરણ – ૮ (એપ્રિલ - ૨૦૨૩)** | | |
| ૧ | પટેલ ધરતીબેન રમેશભાઈ | ૯૫.૭૨ |
| ૨ | પટેલ નિકુલભાઈ પ્રકાશભાઈ | ૯૨.૨૮ |
| ૩ | ગોસ્વામી શક્તિબેન નરેન્દ્રપૂરી | ૯૦.૭૨ |
| **ધોરણ – ૧૦ (માર્ચ - ૨૦૨૩)** | | |
| ૧ | ચૌધરી શિલ્પાબેન માધાભાઈ | ૯૦.૯૨ |
| ૨ | ચૌધરી નિકિતાબેન નરસિંહભાઈ | ૭૮.૦૧ |
| ૩ | ખોલવાડીયા મહિપાલભાઈ દિનેશભાઈ | ૭૨.૪૬ |
| **ધોરણ – ૧૨ (માર્ચ - ૨૦૨૩)** | | |
| ૧ | ચૌધરી મધુબેન જીવણાભાઈ | ૯૬.૬૦ |
| ૨ | ચૌધરી મિત્તલબેન પેથાભાઈ | ૯૫.૭૭ |
| ૩ | ચૌધરી કલ્પેશભાઈ દેવરામભાઈ | ૮૮.૫૭ |
| **શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ – લાખણી** | | |
| **એડમિશન – જૂન ૨૦૨૧ (BATCH - 1)** | | |
| **બી.એ.સેમ – ૧ (ફેબ્રુઆરી - ૨૦૨૨)** | | |
| ૧ | ચૌધરી આશાબેન મનજીભાઈ | ૯૫.૩૩ |
| ૨ | ચૌધરી ભાવનાબેન રાજાભાઈ | ૯૩.૮૩ |
| ૩ | ચૌધરી કિંજલબેન ચેલાભાઈ | ૯૨.૧૬ |
| **બી.એ.સેમ – ૨ (મે - ૨૦૨૨)** | | |
| ૧ | ચમાર જિનલબેન ભૂરાભાઈ | ૭૮.૫૦ |
| ૨ | પંચાલ કિંજલબેન ભરતભાઈ | ૭૮.૩૩ |
| ૩ | ચૌધરી દિનેશભાઈ ભલાભાઈ | ૭૮.૦૦ |

| | | |
|---|---|---|
| બી.એ.સેમ – ૩ (નવેમ્બર - ૨૦૨૨) | | |
| ૧ | પરમાર ચેતનાબેન નટવરજી | ૮૧.૦૦ |
| ૨ | ચમાર જિનલબેન ભૂરાભાઈ | ૭૯.૮૩ |
| ૩ | ચૌધરી ભાવનાબેન રાજાભાઈ | ૭૭.૩૩ |
| બી.એ.સેમ – ૪ (માર્ચ - ૨૦૨૩) | | |
| ૧ | ચૌધરી દિનેશભાઈ ભલાભાઈ | ૭૯.૮૩ |
| ૨ | ઠાકોર ચેતનાબેન દેવજીભાઈ | ૭૮.૩૩ |
| ૩ | ચૌધરી આશાબેન મનજીભાઈ | ૭૮.૦૦ |
| બી.એ.સેમ – ૫ (ઓક્ટોબર - ૨૦૨૩) | | |
| ૧ | મકવાણા જયશ્રીબેન નાનજીભાઈ | ૭૯.૮૩ |
| ૨ | પ્રજાપતિ રિંકલબેન મશરૂભાઈ | ૭૯.૧૭ |
| ૩ | ઠાકોર ચેતનાબેન દેવજીભાઈ | ૭૮.૦૦ |
| એડમિશન – જૂન ૨૦૨૨ (BATCH – 2) | | |
| બી.એ.સેમ – ૧ (નવેમ્બર - ૨૦૨૨) | | |
| ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૧.૧૬ |
| ૨ | ચૌધરી સુરેશભાઈ ગણેશભાઈ | ૮૦.૩૩ |
| ૩ | ચૌધરી નર્મદાબેન નશાભાઈ | ૮૦.૦૦ |
| બી.એ.સેમ – ૨ (એપ્રિલ - ૨૦૨૩) | | |
| ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૨.૫૦ |
| ૨ | ચૌધરી અમિતાબેન વેલાભાઈ | ૮૦.૦૦ |
| ૩ | ચૌધરી નિકિતાબેન સોનાભાઈ | ૭૯.૮૩ |
| બી.એ.સેમ – ૩ (ઓક્ટોબર - ૨૦૨૩) | | |
| ૧ | ચૌધરી અલકાબેન નરપતભાઈ | ૮૧.૧૬ |
| ૨ | ચૌધરી પાયલબેન જગતાભાઈ | ૮૧.૦૦ |
| ૩ | બારોટ પૂજાબેન ડાહ્યાલાલ | ૮૧.૦૦ |
| ૩ | ચૌધરી હરજીભાઈ ભગવાનભાઈ | ૮૦.૮૩ |

# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં પ્રવેશોત્સવ યોજાયો



જનસેતુ,લાખણી,તા.૦૫ : આજરોજ લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં ધોરણ ૧ થી ૧ ૨ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. ઉનાળુ વેકેશન પૂર્ણ કરીને શાળાઓમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થયો છે, ત્યારે શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને ગોળ ધાણા ખવડાવીને આવકારવામાં આવ્યાં હતાં. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શાળાના આચાર્ય મહિપાલસિંહ વાઘેલા સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના વિદ્યાલય લાખણીમાં આદર્શ વિદ્યાર્થી અંગે વ્યાખ્યાન યોજવામાં આવ્યુ



<u>બી.કે. ન્યૂઝ : લાખણી</u>

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં આદર્શ વિદ્યાર્થી અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આદર્શ વિદ્યાર્થીનાં લક્ષણો અને ખાસિયતો અંગે મહિપાલસિંહ વાઘેલા અને પ્રવિણભાઈ વજીરે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં સ્ટાફ ગણ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણીમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી



જનસેતુ,લાખણી,તા.૨૨ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ અને શ્રી ક્રિષ્ના વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે એક વિશ્વ એક સ્વાસ્થ્યની થીમ અંતર્ગત વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ યોગાસનો અને સૂર્ય નમસ્કાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્ટાફગણ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં પ્રવેશોત્સવ યોજાયો



જનસેતુ,લાખણી,તા.૨૨ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં પ્રથમ વર્ષ બી.એ. માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. ઉનાળુ વેકેશન પૂર્ણ કરીને કોલેજમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થયો છે, ત્યારે શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને ગોળ ધાણા ખવડાવીને આવકારવામાં આવ્યાં હતાં. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કોલેજના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટીશ્રી તેજાભાઈ એન. પટેલ, વિનોદભાઈ કે. પટેલ, કોલેજના આચાર્ય પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં પ્રથમ વર્ષ, બીજા વર્ષ અને ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.







# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું



જનસેતુ,લાખણી,તા.૨૫ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ જનરલ સેક્રેટરી, જુદી-જુદી સમિતિઓના સભ્ય અને વર્ગ મંત્રીના પદ માટે ઉમેદવારોએ ફોર્મ ભર્યાં હતાં અને દિવસભર પ્રચાર કરીને મત માંગ્યાં હતાં. ચૂંટણીમાં બિનહરીફ વિજેતા ઉમેદવારો મનીષાબેન ચૌધરીએ પ્રિસાઈડિંગ ઓફિસર અને પ્રિયંકાબેન ચૌધરી અને નિકિતાબેન ચૌધરીએ પોલિંગ ઓફિસરની ભૂમિકા ભજવી હતી. વિજેતા ઉમેદવારોમાં જનરલ સેક્રેટરી પદે મનીષાબેન ચૌધરી, શિસ્ત સમિતિમાં સેંધાભાઈ ચૌધરી, પ્રાર્થના સમિતિમાં વિપુલભાઈ ચૌધરી, શક્તિબેન ગૌસ્વામી, સફાઈ સમિતિમાં ખુશીબેન પંચાલ, પ્રવાસ સમિતિમાં અજયભાઈ ચૌધરી, ઊર્જા સમિતિમાં મહેશભાઈ ચૌધરી, પાણી સમિતીમાં નિકુલભાઈ ચૌધરી, બગીચા સમિતીમાં ધવલભાઈ માળી, રમત-ગમત સમિતીમાં પીયૂષભાઈ ચૌધરી વિજેતા બન્યા હતા. તમામ વિજેતા ઉમેદવારોમાં મહેશભાઈ ચૌધરી સૌથી વધુ લીડથી વિજેતા થયા હતા. સૌ વિજેતા ઉમેદવારોનો શપથગ્રહણ કાર્યક્રમ સોમવારના રોજ યોજાશે. સૌ વિજેતા વિદ્યાર્થીઓને ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ પરિવારે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. બાળ સંસદની ચૂંટણીમાં સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.






# ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ અને ભારત વિકાસ પરિષદ થરાદ શાખાના સંયુક્ત ઉપક્રમે ગુરૂવંદન છાત્ર અભિનંદનની થીમ ઉપર ગુરુપૂર્ણિમાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ટ્રસ્ટી તેજાભાઈ પટેલ, જાણીતા ઉદ્દઘોષક સંજયભાઈ ત્રિવેદી અને ડૉ. મેહુલ નાયકે ગુરૂપૂર્ણિમા પર્વનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગુરુનું મહત્વ દર્શાવતાં ભજનો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમ દરમ્યાન કોલેજના અધ્યાપકો અને કોલેજમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ, થરાદ શાખાના પદાધિકારીઓ અને કોલેજના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટી શ્રી તેજાભાઈ પટેલ, કોલેજના આચાર્ય પ્રવિણભાઈ વજીર, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર થાનાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણીમાં રમતોત્સવ યોજાયો



લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં ખેલકૂદ ધારા અંતર્ગત એકદિવસીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં લાંબી કૂદ, દોડ, કબડ્ડી, ખો ખો, વોલીબોલ અને રસ્સા ખેંચ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. લાંબી કૂદમાં કિરણભાઈ વી. ચૌધરી, કિરણભાઈ એન. ચૌધરી, ગોવિંદભાઈ આર. ચૌધરી, પ્રજાપતિ માયાબેન, દોડમાં દિનેશ રબારી, ગોવિંદ ચૌધરી, બાભણીયા

ચૌધરી અને વૉલીબૉલ, કબડ્ડી અને ખો ખોમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતુ. કાર્યક્રમમાં આચાર્ય શ્રી

એસ.ના પ્રોગ્રામ ઓફિસર થાનાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને



# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું



**(બનાસ ગૌરવ) તા.૨૪**

■ લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં એન.એસ.એસ. એકમના વિદ્યાર્થીઓએ ૧૦૦ જેટલાં વૃક્ષો વાવીને દત્તક લીધાં હતાં. મેરી મિટ્ટી, મેરા દેશ થીમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ બળવંતભાઈ ચૌધરી, મંત્રી વિનોદભાઈ પટેલ, આચાર્ય



પ્રવિણભાઈ વજીર અને પ્રોગ્રામ ઓફિસર થાનાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

**(બનાસ બચાવો)**

■ લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં એન.એસ.એસ. એકમ દ્વારા ગીત સંગીત ધારા અંતર્ગત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ અવનવાં દેશભક્તિ ગીતો અને લોકગીતો રજૂ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ગીત



સ્પર્ધામાં કપિલાબેન પરમાર, મધુબેન ચૌધરી, વિનાબેન ચૌધરી, દક્ષાબેન ખોલવાડીયા, નિકિતાબેન પ્રજાપતિએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, મંત્રી શ્રી વિનોદભાઈ પટેલ, કોલેજના આચાર્ય પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર થાનાભાઈ પટેલે કર્યું હતું.

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું

*જનસેતુ,લાખણી,તા.૧૪ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ દ્વારા વિભાજનની વિભિષિકા અંતર્ગત સ્મૃતિ દિવસ તથા અખંડ ભારત સંકલ્પ દિવસની ઉજવણી તિરંગા યાત્રા કરીને કરવામાં આવી હતી. આ તિરંગા યાત્રા કોલેજથી મેઈન બજાર અને ત્યાંથી કોલેજ પરત ફરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ખરીદ*



*વેચાણ સંઘના ચેરમેન બાબરાભાઈ ચૌધરી સહિત આગેવાનો અને બહોળી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.*





# સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી કાનજીભાઈ પટેલના વરદ્હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ત્રીસ જેટલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમમાં ટ્રસ્ટીગણ, આમંત્રિત મહેમાનો, વાલીઓ, શાળા અને કોલેજનો સ્ટાફ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.












શ્રી કિષ્ના
એજ્યુકેશન કેમ્પસ
લાખણી









# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ





જનસેતુ,લાખણી,તા.૨૯ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં અભ્યાસ કરતી બહેનોએ ભાઈઓને મોં મીઠું કરાવીને રાખડીઓ બાંધીને સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની કામનાઓ કરી હતી. ટ્રસ્ટી શ્રી તેજાભાઈ એન. પટેલે રક્ષાબંધન પર્વનો મહિમા સમજાવ્યો હતો. કાર્યક્રમમાં ટ્રસ્ટીમંડળ, સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રજાવત્સલ લોકનેતા શ્રી પરબતભાઇ પટેલના ૭૫ માં જન્મદિવસની ઉજવણી

# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયુ



જનસેતુ,લાખણી,તા.૦૮ : લાખણી ખાતે આવેલી શ્રી ક્રિષ્ના વિદ્યાલય દ્વારા સાંસદ પરબતભાઈ પટેલના ૭૫માં જન્મ દિવસની ઉજવણી નિમિત્તે શાળામાં અભ્યાસ કરતી તમામ બહેનોને શૈક્ષણિક કીટની ભેટ આપીને સાંસદશ્રીને જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ બળવંતભાઈ ચૌધરી, મંત્રી વિનોદભાઈ પટેલ, આચાર્ય મહિપાલસિંહ વાઘેલા સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# -: શિક્ષકદિનની ઉજવણી :-














શ્રી કિરણ વિદ્યાલય, લાખણી

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી



જનસેતુ,લાખણી,તા.૦૫ : શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ અને શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાલયમાં આચાર્યની ભૂમિકા મનિષાબેન ચૌધરી અને ઉપાચાર્યની ભૂમિકા પાયલબેન સુથાર અને કોલેજમાં આચાર્યની ભૂમિકા કિંજલબેન ચૌધરી અને ઉપાચાર્યની ભૂમિકા ભાવનાબેન ચૌધરીએ સુપેરે નિભાવી હતી. છેલ્લે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા અને કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ બળવંતભાઈ ચૌધરી, મંત્રી વિનોદભાઈ પટેલ, કોલેજના આચાર્ય શ્રી પ્રવિણભાઈ વજીર, વિદ્યાલયના આચાર્ય મહિપાલસિંહ વાઘેલા સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## -: જન્માષ્ટમી પર્વની ઉજવણી :-



# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં વ્યસનમુક્તિ અંગે કાર્યક્રમ યોજાયો



જનસેતુ, લાખણી, તા.૦૩ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં એન.એસ.એસ. એકમ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આગથળાના સંયુક્ત ઉપક્રમે વ્યસન અને તમાકુના સેવન અને તેનાથી થતા રોગો વિશે વિદ્યાર્થીઓને જાગૃત કરવા માટે વ્યસનમુક્તિ અને તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા અને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય સુપરવાઈઝર શ્રી ભાંણજીભાઈ તરકે વ્યસનમુક્તિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં જીજ્ઞાબેન ચૌધરી, મધુબેન ચૌધરી અને પ્રવિણભાઈ સુથારે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. અંતમાં સૌ વ્યસનમુક્તિ અંગેના શપથ લીધા હતા. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું આરોગ્ય વિભાગ દ્વારા પ્રોત્સાહિત ઈનામો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા હેલ્થ સુપરવાઈઝર ભાંણજીભાઈ તરક, જિલ્લા તમાકુ નિયંત્રણ શાખાના અનિલભાઈ રાવલ, કરમદઅલી નાંદોલિયા, રમેશભાઈ સુથાર, અનિલભાઈ ચૌધરી, વનરાજભાઈ જોષી, કોલેજના આચાર્ય શ્રી પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# -: હિન્દી દિવસની ઉજવણી :-








# -: એઇડ્સ દિવસની ઉજવણી :-






# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં વોલીબોલની ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું

જનસેતુ,લાખણી,તા.૧૩ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં ખેલકુલ ધારા અંતર્ગત વૉલીબૉલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કશ્યપ ઋષિ, વિશ્વામિત્ર ઋષિ, વસિષ્ઠ ઋષિ અને ગૌતમ ઋષિ નામની ચાર ટીમોએ ભાગ લીધો હતો. તેમના વચ્ચે કુલ ૧૨ મેચો રમાઈ હતી. તેમાં ચોથા



તસવીર-અહેવાલ : નરસિંહ પ્રજાપતિ

રાઉન્ડના અંતે ટીમ વસિષ્ઠના ખેલાડીઓ ૦/૭ થી વિજેતા બન્યા હતા. ટીમ વશિષ્ઠના ખેલાડીઓ જનકભાઈ રાજપૂત, વિનોદભાઈ પટેલ, અશોકભાઈ ઠાકોર, શૈલેષભાઈ ચૌધરી, સુરેશભાઈ ચૌધરી અને હરેશભાઈ ચાવડા વિજેતા બન્યા હતા. સંસ્થાએ ભાગ લેનાર અને વિજેતા બનેલ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણીમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી

જનસેતુ, લાખણી, તા.૨૧ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં શ્રી ક્રિષ્ના વિદ્યાલય અને ક્રિષ્ના આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે ગીત, સંગીત અને નૃત્યધારા અંતર્ગત આદ્યશક્તિ મા જગદંબાના નવલા નોરતાં નિમિત્તે એક દિવસીય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા ઉત્સવનો પ્રારંભ મા અંબાની આરતી કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રાદેશિક વેશભૂષાઓમાં સજ્જ થઈને શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ મન મૂકીને ડી.જે.ના તાલે ગરબે રમ્યા હતા. આ કાર્યક્રમમાં ટ્રસ્ટીમંડળ, સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.





# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીના વિદ્યાર્થીઓએ દક્ષિણ ગુજરાતનો પ્રવાસ કર્યો






જનસેતુ, લાખણી, તા. ૧૦ : લાખણી ખાતે આવેલી શ્રી ક્રિષ્ના વિદ્યાલયના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ચાર દિવસ સુધી દક્ષિણ ગુજરાતમાં શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો. પ્રવાસમાં પહેલા દિવસે વડોદરામાં કમાટીબાગ અને બરોડા મ્યુઝિયમ એન્ડ પિક્ચર આર્ટ ગેલેરી, પાવાગઢ મહાકાળી માતાજીનાં દર્શન, ચાંપાનેર કિલ્લો અને બીજા દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ફ્લાવર શો, ભૂલ-ભૂલૈયા ગાર્ડન અને પોઈચામાં હરી-ફરીને વિદ્યાર્થીઓએ આનંદ માણ્યો હતો. ત્રીજા દિવસે ડાકોરમાં રણછોડ રાયનાં દર્શન કર્યા બાદ અમદાવાદમાં કાંકરિયા તળાવ અને સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી. ચોથા દિવસે ગાંધીનગરમાં અક્ષરધામ અને ઊંઝામાં ઉમિયામાતાજીનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. વિદ્યાર્થીઓએ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લઈને પ્રાણી અને પક્ષીઓ અને સાયન્સ સિટીની મુલાકાત લઈને વિજ્ઞાન અને ટેક્નોલોજીની અવગત થયાં હતાં. પાવાગઢમાં ઉડનખટોલાની મઝા માણી હતી. વિદ્યાર્થીઓએ પ્રવાસ દરમ્યાન ખૂબ આનંદ માણ્યો હતો.



# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં ગીતા જયંતીની ઉજવણી કરવામાં આવી



તસવીર-અહેવાલ : નરસિંહ પ્રજાપતિ

જનસેતુ,લાખણી,તા.૨૩ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં ગીતા જયંતીની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ શ્રીમદ ભગવદ ગીતાની આરતી, ભાવગીત અને શ્લોકો રજૂ કર્યાં હતા. આ સિવાય, ગીતાજી વિશે માહિતી રજૂ કરતી સ્લાઈડોનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિપાલસિંહ વાઘેલા અને કલ્પેશભાઈ માળીએ ગીતાનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં આચાર્યા વર્ષાબેન ચૌધરી સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણીમાં યુવા દિવસની ઉજવણી કરવામાં આવી

જનસેતુ, લાખણી, તા. ૧૨ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજયુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં સ્વામી વિવેકાનંદ જયંતી નિમિત્તે યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં વકતવ્ય સ્પર્ધા અને ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતવ્ય સ્પર્ધામાં આરતીબેન પ્રજાપતિ, અલકાબેન ચૌધરી, ક્રિંજલબેન નાઈ અને હિનાબેન ચૌધરી અને ગીત સ્પર્ધામાં અલકાબેન ચૌધરી અને હિનાબેન ચૌધરીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સદાચાર અંગેના શપથ લીધા હતા. કાર્યક્રમમાં સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લાખણીની ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું



**લાખણી** । લાખણીમાં આવેલા શ્રી ક્રિષ્ના એજયુકેશન કેમ્પસ સ્થિત ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ગુજરાત સાંસ્કૃતિક વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતવ્ય સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સ્વચ્છ સાયબર ભારત, ચરિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ, શીલ સંસ્કૃતિ અને સદાચાર રક્ષા, વર્તમાન સમયની અનિવાર્યતા મુલ્ય શિક્ષણ અને રાષ્ટ્રીય સેવા યોજના એક ભારત – શ્રેષ્ઠ ભારત જેવા વિષય પર વક્તવ્યો રજૂ કર્યા હતાં. વકતવ્યમાં જીજ્ઞાબેન ચૌધરી, મધુબેન ચૌધરી, અલકાબેન ચૌધરી અને ભાવનાબેન ચૌધરીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં સ્ટાફગણ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# -: પતંગોત્સવ :-











# -: રામોત્સવ :-












# -: પ્રજાસત્તાક પર્વની ઉજવણી :-






॥ सत्यमेव जयते ॥






# -: ગબ્બર પરિક્રમા :-





# શ્રી ક્રિષ્ના આટર્સ કોલેજ, લાખણીમાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી



જનસેતુ,લાખણી,તા.૨૧ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજમાં ગુજરાતી વિભાગ અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વક્તા શ્રી એમ. એ. જુણેજાએ ગુજરાતી ભાષાનું મહત્ત્વ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ મારા હસ્તાક્ષર, મારી માતૃભાષામાં થીમ અંતર્ગત તમામ વિદ્યાર્થીઓએ ગુજરાતી ભાષામાં તેમની સહી કરી હતી. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય શ્રી પ્રવિણભાઈ વજીર, વક્તા શ્રી એમ.એ. જુણેજા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રકાશભાઈ સુથાર, પ્રોફે. લેખરાજભાઈ પ્રજાપતિ, પ્રોફે. ભારતીબેન ચૌધરી, પ્રોફે. લખનભાઈ દેસાઈ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# શ્રી ક્રિષ્ના આટર્સ કોલેજ લાખણીમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



તસવીર-અહેવાલ : નરસિંહ પ્રજાપતિ

જનસેતુ,લાખણી,તા.૦૪ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજમાં વિદ્યાર્થીઓમાં મતદાન અંગેની જાગૃતિ આવે તે હેતુથી મતદાન જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં મતદાન અંગેની જાગૃતિ આવે તે માટે ચૂંટણીનું મહત્વ, એક વોટના મૂલ્ય સમજાવવામાં આવ્યું હતું. છેલ્લે મતદાન જન જાગૃતિ અંગેની ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓએ મતદાન અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી પ્રવિણભાઈ વજીર, પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રકાશભાઈ સુથાર સહિત કોલેજ સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# -: રમતોત્સવ :-











# -: રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી :-









# -: વિવિધ સ્પર્ધાઓ :-


શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણી
એકપાત્રીય અભિનય સ્પર્ધા
વાર શનિવાર






શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણી


HAPPY
SCIENCE





# શ્રી ક્રિષ્ના વિદ્યાલય લાખણીમાં આદર્શ વાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું




લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં આદર્શ વાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાંચનની અભિમુખતાનો વિકાસ થાય, વાંચન પ્રત્યે અભિરુચિ વધે, ઉચ્ચારણ શુદ્ધ બને અને આરોહ-અવરોહ સાથે વાંચતા થાય તેવા શુભ આશય સાથે આદર્શ વાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કિંજલબેન ચૌધરી, પ્રિયંકાબેન ચૌધરી, ભારતીબેન ચૌધરી, ગજાભાઈ પટેલ અને વિજેન્દ્રસિંહ વાઘેલાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું



શ્રી ક્રિષ્ના વિદ્યાલય લાખણીમાં વિદ્યાર્થીઓ જનરલ નોલેજથી વાકેફ થાય તે હેતુથી ગ્રૂપ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૨૪ વિદ્યાર્થીઓએ વિશ્વામિત્ર, વશિષ્ઠ, વાલ્મીકિ અને ચાણક્ય નામની ચાર ટીમોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વૈકલ્પિક પ્રશ્નોનો રાઉન્ડ, વન લાઈનર રાઉન્ડ, બઝર રાઉન્ડ સહિત આઠ રાઉન્ડમાં સમગ્ર ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં મનીષા ચૌધરી, જયશ્રી ચૌધરી, પરેશ ચૌધરી, ચિરાગ ચૌધરી, વિપુલ ચૌધરી અને રવિન ચૌધરીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં આઠમા રાઉન્ડના અંતે ટીમ વિશ્વામિત્ર વિજેતા બની હતી. સ્પર્ધાના અંતે ભાગ લીધેલ તેમજ વિજેતા ટીમના વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી તેમજ પ્રેક્ષક વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આવા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.







# -: સપ્તધારા અંતર્ગત પ્રવૃત્તિઓ :-

શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં સપ્તધારા અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગીત સ્પર્ધા, ઈકો ફ્રેન્ડલી રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, કેશગુંફન સ્પર્ધા, એકપાત્રિય અભિનય સ્પર્ધા, વાનગી સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ, સ્લાડ ડેકોરેશન, G20 પોસ્ટર મેકિંગ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ચોથી ઓગસ્ટ થી બારમી ઓગસ્ટ સુધી ચાલેલી વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.








સપ્તધાર





# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણીમાં દિક્ષાંત સમારોહ યોજાયો



જનસેતુ,લાખણી,તા.૦૮ : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજયુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ અને શ્રી ક્રિષ્ના વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે બી.એ. ની પ્રથમ બેચ અને ધોરણ ૧૦ અને ૧૨ ની દ્વિતીય બેચના વિદ્યાર્થીઓનો દિક્ષાંત અને શુભેચ્છા સમારોહ જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી બાબરાભાઈ એન. ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના સંસ્મરણોને વાગોળ્યાં હતાં અને સંસ્થા તરફથી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રથમ બેચના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્કાર ચેરીટેબલ ટ્રસ્ટ વડનગરના ઉપપ્રમુખ એન.ડી. ચૌધરી, બનાસબેંકના ડિરેક્ટર નારણભાઈ દેસાઈ, મહામંત્રી હરીભાઈ ચૌધરી, બિઝનેસમેન રોહિતભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ પટેલ, દિપકસિંહ ચાવડા, સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી તેજાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.








આર્ટ્સ કોલેજ, લાખણી







શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, લાખણી સંચાલિત

# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણી

**સ્થળ : નવા બસ સ્ટેન્ડની નજીક, જસરા રોડ, મુ.પો.તા–લાખણી**

| | | |
|---|---|---|
| બાલ ભવન | નર્સરી(પ્લેગૃપ) જુનિયર કે.જી. । સિનિયર કે.જી. | વાર્ષિક ફી રૂ.૪૦૦૦/- |
| પ્રાથમિક વિભાગ | ધોરણ : ૧ થી ૮ | વાર્ષિક ફી રૂ.૬૦૦૦/- |
| માધ્યમિક વિભાગ | ધોરણ : ૯ થી ૧૦ | વાર્ષિક ફી રૂ.૭૭૦૦/- |
| ઉચ્ચતર મા. વિભાગ | ધોરણ : ૧૧ થી ૧૨ | વાર્ષિક ફી રૂ.૫૫૦૦/- |

ધોરણ ૯ માટે પ્રવેશ પરીક્ષાની જાણ રજિ.કરેલ મો.નંબર પર કરવામાં આવશે.

**રજિ. કરાવવા માટે સંપર્ક : ૯૯૭૯૨૧૩૦૭૩**



**પ્રવેશ ચાલુ જૂન-૨૦૨૪**

## શાળાની સુવિધાઓ

- નિષ્ણાત અને અનુભવી તથા વિષયની યોગ્યતા ધરાવતા શિક્ષકો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ.
- લાખણી શહેરમાં સૌથી ઓછી ફી માં શ્રેષ્ઠ શિક્ષણ પૂરૂ પાડતી એકમાત્ર શૈક્ષણિક સંસ્થા.
- વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશતાં જ વાલીને ફિંગર પ્રિન્ટ મશીન દ્વારા SMS થી જાણ.
- સ્માર્ટ ક્લાસરૂમની સુવિધા સાથે CCTV કેમેરાથી સજ્જ કેમ્પસ.
- સાપ્તાહિક ટેસ્ટનું આયોજન અને ટેસ્ટના માર્કસની વાલીઓને SMS દ્વારા જાણ.
- પ્રજ્ઞા વર્ગમાં ચિત્રો દ્વારા પ્રવૃત્તિમય શિક્ષણ.
- સમયાંતરે સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન.
- પ્રેરણા અને સંસ્કારોનું સિંચન કરતી ભાવવાહી પ્રાર્થના સભાનું આયોજન.
- શૈક્ષણિક–સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠતાની સાથે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરતી સંસ્થા.
- બાળકોમાં શિક્ષણની સાથે પાયાના સંસ્કારનું સિંચન કરી ઉત્કૃષ્ટ માનવ ઘડતરનું કાર્ય કરતી સંસ્થા.
- અદ્યતન સુવિધાયુક્ત લાઈબ્રેરી, પ્રયોગશાળા તથા ભૌતિક સુવિધાયુક્ત બિલ્ડીંગની સાથે પ્રાકૃતિક સૌંદર્ય અને નયનરમ્ય વાતાવરણમાં વિશાળ રમત–ગમતનું મેદાન અને પાર્કિંગની સુવિધા.
- વિનામૂલ્યે પુસ્તક વિતરણની સુવિધા.

**આપના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે અમારી સંસ્થાની અવશ્ય મુલાકાત લો...**

પ્રિન્ટ : લક્ષ્મી પ્રિન્ટીંગ, લાખણી મો.૯૭૧૨૮૬૪૩૬૪

શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, લાખણી સંચાલિત

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી

સ્થળ : નવા બસ સ્ટેન્ડની નજીક, જસરા રોડ, મુ.પો.તા-લાખણી

## કોલેજમાં ચાલતા મુખ્ય વિષય

અંગ્રેજી • ભૂગોળ • ઈતિહાસ

સમાજશાસ્ત્ર • મનોવિજ્ઞાન • રાજ્યશાસ્ત્ર

અર્થશાસ્ત્ર • ગુજરાતી • સંસ્કૃત



પ્રવેશ ચાલુ
જૂન-૨૦૨૪

## કેમ્પસની સુવિધાઓ

- નિષ્ણાત અને અનુભવી શિક્ષકો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ.
- એપ્લિકેશનમાં પહેલા દિવસથી જ શૈક્ષણિક મટીરિયલ ઉપલબ્ધ.
- કોલેજમાં પ્રવેશતાં જ બહેનોના વાલીને ફિંગર પ્રિન્ટ મશીન દ્વારા SMS થી જાણ. વિદ્યાર્થીઓ માટે ફ્રી Wi-Fi સુવિધા.
- સંસ્થામાં **NSS** દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર.
- બહેનો માટે ફ્રી બસ પાસની સુવિધા.
- સ્માર્ટ ક્લાસરૂમની સુવિધા સાથે CCTV કેમેરાથી સજ્જ કેમ્પસ.
- ૨૪ કલાક સિક્યુરિટીથી સુરક્ષિત અને પ્રદૂષણ મુક્ત કેમ્પસ.
- સમયાંતરે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન.
- તમામ વિદ્યાર્થીઓને ડિજિટલ ગુજરાત શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર.
- શૈક્ષણિક-સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠતાની સાથે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરતી સંસ્થા.
- અદ્યતન સુવિધાયુક્ત લાઈબ્રેરી તથા ભૌતિક સુવિધાયુક્ત બિલ્ડીંગની સાથે પ્રાકૃતિક સૌંદર્ય અને નયનરમ્ય વાતાવરણમાં વિશાળ રમત-ગમતનું મેદાન અને પાર્કિંગની સુવિધા.

આપના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે અમારી સંસ્થાની અવશ્ય મુલાકાત લો...